Government of South Australia
Department for Education

**Office of the Chief Executive**

31 Flinders Street
Adelaide SA 5000
GPO Box 1152
Adelaide SA 5001
DX 541

www.education.sa.gov.au

વ્હાલા માતા-પિતા અને વાલીઓ,

COVID-19 એ આપણાં માટે વ્યક્તિગતરૂપે, પારિવારીક રીતે અને સમાજ માટે બધી જ રીતે પડકાર ફેંક્યો છે.

અમને ગર્વ છે કે, અમારા શિક્ષકો અને મદદનીશ કર્મચારીઓ પરિસ્થિતીની માંગ પ્રમાણે આગળ આવ્યા છે. સમાજનાં સભ્ય તરીકે તેમને પણ ચિંતા હોવા છતાં તેઓ તેમનાં વિદ્યાર્થીઓની નિરંતર શિક્ષાને પ્રાધાન્ય આપી રહ્યા છે.

શાળાઓ અને બાળમંદિરો આવશ્યક સેવાઓ છે. ઓસ્ટ્રેલીયાનાં અનુભવી નિષ્ણાતોની જાહેર સ્વાસ્થ્ય બાબતમાં સલાહ છે કે, તે ખુલ્લા જ રહેવા જોઇએ.

અમે જાહેર સ્વાસ્થ્યના સુચનો અને અમારાં વર્ગખંડોમાં અને રમતનાં મેદાનો પર વ્યક્તિઓ વચ્ચે અંતર અને સ્વચ્છતા બાબતમાં ભલામણોનો અમલ કરતાં રહીશું. ઉચ્ચકક્ષાનું શિક્ષણ આપવાની સાથે અમારાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને શાળા-સમાજની સલામતી અને સ્વાસ્થ્યની કાળજી અમારી પ્રાથમિક્તા રહેશે.

COVID-19ને ફેલાતો અટકાવવામાં મદદ કરવા ઘણાં બધા ઘરે રહી રહ્યા છે, ત્યારે અમે કામ કરતાં અટકી નહીં જઇએ.

આ પરિસ્થિતીમાં અમારા બાળકો અને યુવાનોની શિક્ષણ પ્રક્રિયા ચાલુ રહે તે અમારું મુખ્ય ધ્યેય રહેશે. પહેલા ક્યારેય ન અનુભવાયેલી આ પરિસ્થિતીમાં શિક્ષકો, પ્રારંભિક બાળ-શિક્ષકો, આચાર્યો અને ખાતાનાં કર્મચારીઓ, પરિવારોને અને વાલીઓને ટેકો પૂરો પાડવા માટેનાં, અમારા સતત વિકસિત માધ્યમો છે.

ગયા અઠવાડિયે અમે લર્નિંગ એસએ, નામક એક વેબસાઇટ ચાલુ કરી છે કે, જેના પર સેંકડો શૈક્ષણિક સામગ્રી સંઘરેલી છે, જે બાળકો અને યુવાનોને ઘરે રહીને તેમનું શિક્ષણ મેળવતા રહેવામાં સહાયક થશે. તેમાં એબીસી ટીવી પ્રોગ્રામોની લિંકનો પણ સમાવેશ થાય છે, તે ઘણા ઉચ્ચકક્ષાનાં હોય છે અને વિદ્યાર્થીઓના શિક્ષણમાં પણ મદદરૂપ થાય છે. તે વધતાં જ રહેશે, તો તે www.ourlearning.sa.edu.au. પર જઇને જોશો.

વેબસાઇટ પર અમે પરિવારો માટે સલાહનો 'એડવાઇસ ફોર ફેમિલીઝ' વિભાગ પણ બનાવ્યો છે, જેમાં વિદ્યાર્થીઓ અને પરિવારો માટે વિડીઓ અને તથ્ય પત્રિકાઓ પણ છે, જેમાં:

- અભ્યાસ માટેનું વાતાવરણ ઊભું કરવું
- ઘરેથી અભ્યાસ કરતાં આનંદિત અને તંદુરસ્ત રહેવું
- ઘરે તમારા બાળક જોડે વાંચવું
- ઓનલાઇન શિક્ષણ માટે તૈયારી કરવી
- તમારા બાળક જોડે COVID-19ની બાબતમાં વાત કરવી, વગેરેનો સમાવેશ થાય છે.

અંતર શિક્ષણની વ્યવસ્થાને અમલમાં મૂકવામાં શાળાઓ અને બાળમંદિરો જુદા-જુદા તબક્કામાં છે. આ ઉપરાંત અમને ખ્યાલ છે કે, દરેક બાળક પાસે ઘરે કૉમ્પ્યુટર કે ઇન્ટરનેટ નથી.
આ અઠવાડિયે વિદ્યાર્થીઓ વગરનાં દિવસોમાં અમારા શિક્ષકો ઘર-શિક્ષણને આગળનાં સ્તર પર લઇ જઇ રહ્યા છે.

અમે દરેક શિક્ષક માટે વર્ચ્યુઅલ (પ્રત્યક્ષ પણ હકીકતમાં ના હોય તેવા) વર્ગખંડો ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ, અને જે બાળકો પાસે કૉમ્પ્યુટર કે ઇન્ટરનેટ ના હોય તેમને તેમનાં વર્ગ સાથે સાંકળવાના ઉપાયો શોધી રહ્યા છીએ. તે, શિક્ષકો જરૂરિયાતમંદ બાળકો માટે ભણતરની જે સામગ્રી કાગળ ઉપર તૈયાર કરી રહ્યા છે, તેની સાથો સાથ રહેશે.

અમારા કર્મચારીઓ અને શિક્ષકો સાથે મળીને જે રીતે બીજા સત્ર માટે તૈયારી કરી રહ્યા છે તેનાથી અમે સતત પ્રભાવિત છીએ. આપણે બધા આમાં સાથે જ છીએ.

જો તમારે કોઇ પ્રશ્ન હોય કે વધુ મદદની જરૂર હોય તો તમારા બાળકનાં શિક્ષકની સાથે મળીને કામ કરશો.

તમારો વિશ્વાસુ,



હોન. જોહન ગાર્ડનર
**શિક્ષણ મંત્રી**

૭ એપ્રિલ ૨૦૨૦



રીક પર્સી
**મુખ્ય અધિકારી**

૭ એપ્રિલ ૨૦૨૦